Preface

••ક••

## -: સંશોધન નિબંધનું નિવેદન :-

ગુજરાતી સાહિત્યવિવેચનની પ્રવૃત્તિમાં ઊર્મિકવિતા વિશેનો અભ્યાસ ઠીક ઠીક વિગતે સૂક્ષ્મતાથી થયો છે. પરંતુ, એના અપાર વૈવિધ્યમાં, સ્વરૂપ-ગીય વૈવિધ્ય પણ એવું વિકસી રહ્યું છે, એ દૃષ્ટિએ મુક્તક, સોનેટ, ગઝલ જેવા ઊર્મિકાવ્ય અંતર્ગત પ્રકાર સ્વરૂપોના અભ્યાસથી આગળ શોધ ચાલી નથી. ગુજરાતી ઊર્મિકાવ્યોમાં મૃત્યુજનિત શોકોર્મિકાવ્યોની વિપુલતા છે. એવી રચનાઓ અલગ તારવી લઈ, અભ્યાસ કરતાં શોકોર્મિકાવ્યોમાંથી નિષ્પન્ન થતાં એક આગવા કાવ્યસ્વરૂપની શક્યતા જણાઈ અને મેં મહાનિબંધ માટે આ વિષય પસંદ કર્યો. મૃત્યુ એક સનાતન વૈશ્વિક ઘટના હોવાથી ચોક્કસપણે કહી શકાય કે આ પ્રકારની કવિતા કોઈ એક ચોક્કસ સમયના ગાળાનું સાહિત્યસર્જન નથી. પરંતુ સતત લખાતી આવતી, સંસ્કરણ પામતી, નીત-નૂતનતા ધારણ કરતી કવિતા છે. તેથી સાહિત્યના ફલક ઉપર તેનું અસ્તિત્વ ચિરંજીવ છે. સિદ્ધહસ્ત કવિઓની કલમે લખાયેલી એમાંથી કેટલીક રચનાઓ તો ઉત્તમ કાવ્યત્વ અને કલાતત્ત્વની દૃષ્ટિએ ગુજરાતી કવિતા માટે ગૌરવરૂપ છે. આવી રચનાઓને ઉત્તમ ઉદાહરણ તરીકે ટાંકીને વિદ્વાન વિવેચકોએ પ્રસંગોપાત ક્યારેક કરેલાં વિવેચનો, વિશ્લેષણલેખો, ટીકાઓ , ટિપ્પણો, દોહનો, મંતવ્યો અને અભિપ્રાયોએ સંશોધન અને અભ્યાસ માટેની મારી દૃઢતાને વધુ નક્કર બનાવી અને નિષ્ઠા વધારી. ગુજરાતી ઊર્મિકાવ્યોનો વિકાસ વિવિધ કાવ્યસ્વરૂપોરૂપે થયો છે. એમાં મૃત્યુજન્ય શોકની ઊર્મિનું આલેખન કરતી હોવાથી એવી રચનાઓને શોકોર્મિકવિતા તરીકે ઓળખાવી છે. ઊર્મિકાવ્યના જ એક સ્વરૂપલક્ષી પ્રકારવિશેષ તરીકેનો આ સંશોધનાત્મક અભ્યાસ પ્રથમવાર થયો છે, એવું મારું નમ્ર નિવેદન છે.

••છ••

(૨) <u>પદ્ધતિ</u> :-

ગુજરાતી શોકોર્મિકાવ્યસ્વરૂપનાં લક્ષણો અને કાવ્યસમીક્ષાના મારા સંશોધન વિષય પરત્વે મેં અર્વાચીન ગુજરાતી સાહિત્યના આરંભથી (એટલે કે નર્મદ-દલપત યુગથી) આજ પર્યન્ત (વીસમી સદીના નવમા દાયકા સુધી)ના ગાળામાં આ વિષયનાં કાવ્યોની સૂચી તૈયાર કરી છે. અંદાજે ૪૦૦ કાવ્યો ઉપલબ્ધ છે.

ગુજરાતી વિવેચકોની અવલોકન/સમીક્ષાની સાહિત્યિક ઇતિહાસ પ્રવૃત્તિમાં આ કાવ્યો વિશે ઉપલબ્ધ થતી ટૂંકી, લાંબી ઉપલબ્ધ નોંધોમાંથી પસાર થઈને એમાંથી ઉપસ્થિત થતા મુદ્દાઓનું સંકલન કર્યું છે, અને પછી પૂરક/સ્વતંત્ર સૈદ્ધાંતિક અને સમીક્ષાત્મક અભ્યાસ અહીં પ્રસ્તુત કર્યો છે.

(૩) <u>ઉપલબ્ધિ</u> :-

આ દૃષ્ટિએ મારા અભ્યાસની ઉપલબ્ધિની સંક્ષિપ્ત નોંધ અહીં પ્રસ્તુત ગણાશે.

(૧) ઊર્મિકાવ્ય-અંતર્ગત શોકોર્મિકાવ્યને એક સ્વરૂપવિશેષ તરીકે ઉપસાવ્યું છે.

(૨) શોકોર્મિકાવ્ય અને કરુણપ્રશસ્તિકાવ્યની સ્વરૂપગત વ્યાવર્તકતાની સાધાર આલોચના કરી છે.

(૩) મૃત્યુવિષયક લઘુ, દીર્ઘ પરંપરાગત અન્ય પ્રકારોની મિતાક્ષરી નોંધ આપી, શોકોર્મિકાવ્યની સ્વરૂપગત વિશેષતાઓ શી છે, તે તપાસ્યું છે.

(૪) શોકોર્મિકાવ્યસ્વરૂપની લક્ષણબંધી નિરૂપીને, ગુજરાતી શોકોર્મિકાવ્યોની ઐતિહાસિક સમીક્ષા કરી છે, એમાં આરંભથી અદ્યતન સુધીના અભિગમો અપનાવ્યા છે.



kalpana's

(૫) તુલનાત્મક અભિગમથી શોકોર્મિકાવ્યરૂપને વિશેષ સમજવાનો પ્રયત્ન કર્યો છે.

(૬) તથ્યપરક વિગતોની ખોજ કરી, અભ્યાસાર્થે એને અંકે કરતાં જઈ, ઐતિહાસિક, પ્રકારનિષ્ઠ.

(૭) અને તુલનાત્મક અભિગમોનો યથાવકાશે ખપ પાડીને.

(૮) શોકોર્મિકાવ્યોનું સર્જકક્ષાના સ્તરે ઊંચું સ્થાન પ્રતીત થાય છે. એ અંગેના મારાં નિરીક્ષણો અને નિષ્કર્ષ મેં રજૂ કર્યાં છે.

(૯) શોકની ઊર્મિનું પ્રાધાન્ય હોવાથી શોકોર્મિકવિતાને આત્મલક્ષી લઘુવિરહોર્મિકવિતાના વર્ગની કવિતા તરીકે ઓળખાવી છે.

(૧૦) શોકોર્મિકવિતામાં મૃત્યુનિમિત્તે કાયમી તેમ જ દીર્ઘકાલીન અને વિષાદની અભિવ્યક્તિ છે એમ ચકાસ્યું છે.

(૧૧) મૃત્યુવિષાયક ચિંતનના આલેખનમાં વિધેયાત્મક વલણ જોવા મળ્યું છે.

(૧૨) દીર્ઘવિરહોર્મિકવિતાના વર્ગની મરણનિમિત્તક કરુણપ્રશસ્તિથી સ્પષ્ટ ભેદરેખા દોરી આપતું લાઘવ શોકોર્મિકવિતાનું મહત્ત્વનું લક્ષણ છે. એમ તપાસ્યું છે.

(૧૩) શોકોર્મિકવિતામાં આલેખાતા શોકના મૂળમાં કારણભૂત સદ્ગત સ્વજન પ્રત્યેનો કવિનો આત્મીયભાવ કેવો છે તેનો ઉલ્લેખ કર્યો છે.

(૧૪) શોકોર્મિકવિતામાં સદ્ગત સ્વજનનું સ્થાન 'વ્યક્તિવિશેષ' રૂપે છે એ શોકોર્મિકાવ્યનું વિશેષ તત્ત્વ છે.

(૧૫) શોકોર્મિકવિતામાં અવશ્ય ઉલ્લેખનીય એવું મૃત્યુનું આલેખન કાવ્યનું બીજ છે. એના આલેખનની અનેકવિધતામાં મૃત્યુનો મંગલ અભિગમ સર્વોત્તમ છે એમ જોયું છે.

(૧૬) સ્પર્ધામાં ચિંતનને પાછળ પાડી દેતા શોકની અભિવ્યક્તિ શોકોર્મિકવિતાની ઊંચી કલાત્મકતા પુરસ્કાર કરે છે કે કેમ? એની ખોજ કરી છે.



kalpana's

(૧૭) વિભાવાનુભાવનું વૈવિધ્ય શોકની ભાવાભિવ્યક્તિનો વિશેષ છે. પરંતુ એમાં વિભાવોની અભિવ્યક્તિ સર્વોત્તમ છે એમ તપાસ્યું છે.

(૧૮) કરુણની રસાનુભૂતિ શોકોર્મિકવિતાને પૂર્ણત્વ આપતી હોવાથી શોકોર્મિકાવ્યસ્વરૂપનું તે મહત્વનું કાવ્યતત્વ બની રહે છે એની પરખનો પ્રયત્ન કર્યો છે.

પ્રકરણ- ૪માં શોકોર્મિકવિતાનું ઉપલબ્ધ સ્વરૂપ નિરૂપી તેની ભાવિ સંભાવનાઓનો ઈશારો કરીને મહાનિબંધ પૂરો કર્યો છે.



(P.T.O.)

kalpana's